GFSU
NAAC Accredited 'A' Grade
Gujarat Forensic Sciences University
Knowledge | Wisdom | Fulfilment

# CCC રજીસ્ટ્રેશન માટે અગત્યની સૂચનાઓ

1. ઓનલાઈન રજીસ્ટ્રેશન તા. ૨૧/૦૭/૨૦૧૭ થી ૧૦/૮/૨૦૧૭ સુધી અથવા ૧૦૦૦૦ એપ્લીકેશન ફોર્મ ભરાય ત્યાં સુધી ઓપન રહેશે. ઓનલાઈન ઉમેદવારોએ પોતાનું નામ (સર્વિસ બુક) પ્રમાણે એન્ટર કરવાનું રહેશે.
2. ૨૧/૦૭/૨૦૧૭ થી ૧૦/૮/૨૦૧૭ સુધી અથવા ૧૦૦૦૦ એપ્લીકેશન ફોર્મ ભરાય ત્યાં સુધીમાં ઉમેદવારે માહિતી એન્ટર કરવાની રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ સંપૂર્ણ ભરાઈ જાય પછી સેવ કરીને તેની બે પાનાનાં ફોર્મની પ્રિન્ટ કાઢવાની રહેશે. અને એપ્લીકેશન નંબર અને પાસવર્ડ ત્યાર પછીના તમામ કામ માટે ઉપયોગ કરવાનો રહેશે.
3. રજીસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- (માત્ર થીયરી પરીક્ષા માટે) , રૂ. ૧૦૦/- (માત્ર પ્રેકટીકલ પરીક્ષા માટે) અને રૂ. ૨૦૦/- (થીયરી અને પ્રેકટીકલ પરીક્ષા માટે) છે. જે ઉમેદવારે ઓનલાઈન ભરવાની છે.
4. એક વખત પ્રિન્ટ લીધા પછી કોઈ જ માહિતી બદલી શકાશે નહી.
5. આ પ્રિન્ટેડ રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉમેદવારે પોતાની સહી તથા પોતાની ઓફિસનો સિક્કો અને ખાતાના વડા/આચાર્યની સહી તથા સિક્કો કરવાના રહેશે. આ સહી તથા સિક્કા વગરના ફોર્મ અધૂરા ગણાશે અને સ્વીકારવામાં આવશે નહી.
6. રજીસ્ટ્રેશન ફોર્મ તથા કચેરી તરફથી મળેલ ઓળખપત્રમાં નામ સરખું હોવું જરૂરી છે. જો નામ માં તફાવત હશે તો અરજી સ્વીકારવામાં આવશે નહી.
7. ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના ડૉક્યુમેન્ટ્સ નીચે મુજબના હોવા જોઈએ.
   A. ઓરીજીનલ રજીસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટઆઉટ ઉમેદવારની સહી તથા ઓફિસનો સિક્કો અને ખાતાના વડા/આચાર્યની સહી અને સિક્કો સાથે.
   B. ઓળખપત્રની નકલ (હાલની સર્વિસનું ઓળખપત્ર)
   C. એપોઇન્ટમેન્ટ લેટર
8. <u>ઉમેદવારે પોતાની અરજી , દર્શાવેલ પુરાવા તથા ફી ની ઓનલાઈન રીસીપ્ટ સાથે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી , સેક્ટર – ૯ , પોલીસ ભવનની નજીક , ગાંધીનગર-૩૮૨૦૦૭ ખાતે ૧૦/૦૮/૨૦૧૭ સુધીમાં જમા કરાવવાની રહેશે.</u>
9. દરેક ઉમેદવાર પરીક્ષા દરમ્યાન સર્વિસનું ઓળખપત્ર અને લાયસન્સ , આધારકાર્ડ , પાસપોર્ટ, ઈલેકશનકાર્ડ અથવા પાનકાર્ડ (આ બધામાંથી કોઈ એક) ફરજીયાત લાવવાનું રહેશે.

*****************************************